રે.દિ.મુ.નં.૮૦/૨૦૧૯

--:: આંક-૫ ની અરજી લગત હુકમ ::-

(૧) વાદીએ હાલની અરજી સી.પી.સી. ઓર્ડર-૩૯, રુલ-૧, ૨ તથા કલમ-૧૫૧ મુજબ કામચલાઉ મનાઈહુકમ મેળવવા અરજ કરેલી છે. જેમાં જણાવેલ છે કે, મોજે કનગામ, તા.જંબુસર, જી.ભરૂચ ની વસ્તી મધ્યે ગભાણ આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

અ.નં.	વિલેજ પંચાયત નંબર	લંબાઈ ફુટ	પહોળાઈ ફુટ	ચોરસ મીટર
૧	૪૪૧	૫૦.૦૦	૩૩.૦૦	૧૫૩.૩૫

જેની ચતુર્થદિશા નીચે મુજબ છે.

પૂર્વે :- જાહેર રસ્તો આવેલ છે.

પશ્ચિમે :- નવેરી આવેલ છે.

ઉત્તરે :- ખુમાનસંગ ભીમસંગનું ઘર આવેલ છે.

દક્ષિણે :- રમેશભાઈ આશાભાઈ પઢીયારનું ઘર આવેલ છે.

(૧/૧) દાવા અરજીના પેરા-૧ માં જણાવેલી મિલકત વાદીએ આ કામના પ્રતિવાદી નં.૨ પાસ ેથી રજી.દસ્તાવેજથી તા.૭/૩/૨૦૧૩ ના રોજ વચાણ રાખેલ છે અને તેના આધારે ગ્રામ પંચાયત કનગામના આકારણી પત્રકમાં વાદીનું નામ દાખલ થયેલ છે ત્યારથી વાદી માલિક અને કબજેદાર બનેલા છે. વાદી દાવાવાળી મિલકતના ક્ષેત્રફળમાં ચારેવ બાજુ કમ્પાઉન્ડ દિવાલ કરી બનાવતા હોય, વાદીને દાવાવાળી મિલકતના ક્ષેત્રફળમાં ચારેવ બાજુ કમ્પાઉન્ડ દિવાલ બનાવી કોર્ડન કરીને બાંધકામ કરવા માંગીએ છીએ તેના માટે સાફ સફાઈ કરીએ છીએ પરંતુ આ કામના પ્રતિવાદીઓ એકબીજાની ચઢવણીથી

વાદીને આ કમ્પાઉન્ડ વોલ કરતા અટકાવવાનો પ્રયત્ન કરેલ છે અને પ્રતિવાદી નં.૧ આ કામના પ્રતિવાદી નં.ર ને ચઢવણી કરે છે અને જણાવે છે કે, દાવાવાળી મિલકતમાં તમારે કોઈ પ્રવેશ કરવો નહી અને બાંધકામ કરવુ નહી. આ ગભાણમાં અમારો હકક છે તેમ કહી ધમકીઓ આપે છે અને વાદીનો માલિકીપણાનો ઈન્કાર કરે છે અને વાદીના કબજામાં આવેલ ગભાણમાં આવી ગભાણમાં દખલગીરી કરવાનો પ્રયત્ન કરી રહેલા છે અને વાદીના કબજાનો ઈન્કાર કરેલ છે આ કરવાનો પ્રતિવાદી ને કોઈ અધિકાર નથી. પ્રતિવાદી નં.૧ નાએ પંદર દિવસ ઉપર વાદીને ધમકી આપેલ છે તેમજ પ્રતિવાદી નં.ર નાએ અગાઉના માલિક પાસેથી રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૦૯૯/૨૦૦૭ થી તા. ૨૧/૧૧/૨૦૦૭ ના રોજ વેચાણ રાખેલી અને વેચાણ દસ્તાવેજના આધારે સદરહું દાવાવાળી મિલકતના આકારણી પત્રક ઉપર પ્રતિવાદી નં.ર નું નામ દાખલ થયેલ ત્યારબાદ પ્રતિવાદી નં.ર નાઓએ વાદીને દાવાવાળી મિલકત વેચાણ આપેલી અને જેનો વાદીએ રજી.વેચાણ દસ્તાવેજ કરેલ ત્યારથી દાવાવાળી મિલકતના માલિક અને કબજેદાર વાદી બનેલા છીએ. પ્રતિવાદી નં.૧ કે જેઓ પ્રતિવાદી નં.ર ની સાથે ઘણાં સારા સંબંધો ધરાવે છે અને તેઓની બાજુમાં રહે છે અને પ્રતિવાદી નં.ર ને ચઢવણી કરે છે અને ખોટી દાદાગીરી કરી ધમકીઓ આપે છે અને **વાદી તેઓની મિલકતની કુલ ક્ષેત્રફળ ૧૫૩.૩૫ ચો.મી. જે ૫૦ ફુટ લાંબુ અને ૩૩ ફુટ પહોળી જગ્યામાં ચારેવ બાજુ કંમ્પાઉન્ડ કરી દિવાલ બનાવવા માંગે છે** અને તેમાં બાંધકામ કરે છે પરંતુ પ્રતિવાદીઓને વાદીને અટકાવવાનો કોઈ અધિકારી નથી અને પ્રતિવાદીઓ તેઓની બુરીનેમમાં ફાવી શકેલા નથી. જો પ્રતિવાદીઓ તેમની બુરી નેમમાં ફાવી જાય તો વાદીઓને એવુ અનિવાર્ય નુકસાન જવાનો સંભવ છે. જેનો બદલો પૈસામાં મળી શકે તેમ નથી અને અગાઉ વાદીએ પ્રતિવાદીને નોટીસ પણ આપેલી છે. વાદીનો પ્રાયમાફેસી કેસ છે. બેલેસ ઓફ કન્વીન્યન્સ વાદીના લાભમાં છે. જેથી મોજે કનગામ, તા.જંબુસર, જી.ભરૂચની વસ્તી મધ્યે આવેલ પ્રોપર્ટી નંબર–૪૪૧ વાળી મિલકતમાં

પ્રતિવાદી જાતે કે તેમના ઘરના માણસો, એજન્ટો, મજુરો, મળતિયા, કુલમુખત્યાર મારફતે અરજીવાળી મિલકતના ક્ષેત્રફળમાં વાદીને કમ્પાઉન્ડ દિવાલ બનાવતા અને તેમાં બાંધકામ કરતા અટકાયત કરે કરાવે નહી કે વાદીઓના કબજા ભોગવટામાં દખલ, અંતરાય, અવરોધ કરે કરાવે નહી કે અરજીવાળી મિલકતને નુકસાન થાય તેવુ કોઈ કૃત્ય કરે કરાવે નહી તેવા પ્રતિવાદીઓ વિરૂધ્ધ દરમ્યાન મનાઈ હુકમ ફરમાવવા તથા સદર અરજીનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા તેમજ ના.કોર્ટ યોગ્ય લાગે તેવી બીજી દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) સદર દાવા અરજી તા આંક–પની મનાઈ અરજી દાખલ થતાં પ્રતિવાદીઓને સમન્સ, નોટીસ ઈસ્યુ કરવાનો હુકમ કરતાં પ્રતિવાદી નં.૧ થી ૨ નાએ નોટીસ બજી જતાં તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર છે. પ્રતિવાદી નં.૧ તર્ફે આંક–૧૬ થી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો સંયુકત લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને ખરી હકીકતે જણાવેલ છે કે, મોજે કનગામ તા.જંબુસર, જી.ભરૂચની વસ્તી મધ્ય અનુક્રમ નંબર ૪૪૧, મિલકત નં.૪૪૧ થી મિલકત આવેલ છે. સદર મિલકતના માલિક અને કબજેદાર પ્રતિવાદી નં.૧ નાઓ છે. પ્રતિવાદી નં.૧ ગ્રામ પંચાયત કનગામમાં મહેસુલ યાને વેરો ભરતાં આવેલા છે. મોજે કનગામ, તા.જંબુસર, જી.ભરૂચી વસ્તી મધ્ય અ.નં.૪૪૧, પ્રોપર્ટી નં.૪૪૧ જે મિલકત ગભાણ સ્વરૂપે છે. આ મિલકત બારીયા ફળીયામાં આવેલ છે. આ મિલકતની આકારણી પત્રકની નકલ સને–૨૦૧૨–૧૩ ના વર્ષની છે. આ નકલ વાદી તરફથી રજુ કરવામાં આવેલ છે. પરંતુ પંચાયતનો કોઈ સીકકો (ગોળ) નથી. આ મિલકતની આકારણીમાં વાર્ષિક ભાડાની કિ.રૂા. ૧૦,૦૦૦/– છે અને કર રૂા.૫૦/– છે. આ મિલકતના જે તે સમયે માલિક અને કબજેદાર વિજયભાઈ દોલતભાઈ મકવાણા રહે. મુ.કનગામ, તા.જંબુસર,

જી.ભરૂચ નાઓ છે. આ મિલકતનો રજી.વેચાણ દસ્તાવેજ વાદીના જણાવ્યા મુજબ નોંધણી નં.૭૪૪/૨૦૧૩, તા.૭/૩/૨૦૧૩ ના રોજ કરવામાં આવેલ છે. આ મિલકતનો કુલ અવેજ રૂા.૧૦,૦૦૦/– બતાવવામાં આવેલ છે. પરંતુ આ રજી. વેચાણ દસ્તાવેજમાં જે ચેક ચાક છે તેમાં વેચાણ આપનાર તથા લેનારની કોઈ સહી કરવામાં આવેલ નથી. તેમજ જયાં હાથથી લખાણ કરવામાં આવેલ છે ત્યાં પણ વેચાણ આપનાર તથા લેનારની કોઈ સહી નથી. આ વેચાણ દસ્તાવેજમાં જમીન શબ્દ વધુ છે. પરંતુ ગભાણ કે મકાનનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આમ, વાદીએ તેમના લાભમાં કરાવેલ રજી.વેચાણ દસ્તાવેજ ગભાણ તથા જમીનનો કરલો છે સ્પષ્ટ કરે તે પછી વધુ જવાબ રજુ કરવાનો હકક આથી ઉભો રાખેલ છે. અ.નં.૪૪૧ તથા મિ.નં.૪૪૧ એ પ્રતિવાદી નં.ર ની માલિકી કબજા ભોગવટાની નથી કે આ મિલકતનો પ્રતિવાદી નં.ર ને રજી.વેચાણ દસ્તાવેજ કરવાનો કોઈ કાયદેસરનો હકકે કે અધિકાર નથી. તેઓની મિલકતનો રજી.વેચાણ કરવામાં આવેલ નથી. અ.નં.૪૪૧ મિ.નં.૪૪૧ એ ખુલ્લા ગભાણવાળી નથી. પરંતુ પાકા બાંધકામવાળી આવેલી છે. વધુમાં દસ્તાવેજમાં જે ફોટો કોપી રજુ કરવામાં આવેલ છે તે બાંધકામવાળો છે. આથી ખુલ્લા ગભાણનો દસ્તાવેજ કરવામાં આવેલ છે પ્રથમથીજ રદબાતલ છે અને જયારે ખુલ્લા ગભાણનો દસ્તાવેજ હોય અને દસ્તાવેજમાં બાંધકામવાળો ફોટો રજુ કરેલ હોય ત્યારે વેચાણ આપનાર તથા લેનારે સ્ટેમ્પ ડયુટી ઓછી ભરી દસ્તાવેજ કરાવેલ હોવાનું ફલિત થાય છે. વધુમાં રજી. વેચાણ દસ્તાવેજમાં દસ્તાવેજ લખી આપનાર આ દસ્તાવેજ લખી આપ્યાનું કબુલ કરે છે તે નીચે પોતાની કોઈ સહી નથી. આમ, રજી.વેચાણ કરેલાની હકીકત પુરવાર થતી નથી. તા.૨૧/૧૧/૨૦૦૭ ના રોજ પ્રતિવાદી નં.ર નાએ મોજે કનગામ ,તા.જંબુસર, જી.ભરૂચની વસ્તી મધ્યે વિ.પ.નં.૩૫૬ ચો.મી. ૧૫૩.૩૫ વાળી રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૦૯૯/૨૦૦૭ ના રોજ તેના મુળ માલિક અને કબજેદાર શ્રી ભીમાભાઈ ભીખાભાઈ પાસેથી રૂા.

૧૦,૦૦૦/- ના અવેજમાં ખુલ્લુ ગભાણ વેચાણ રાખેલ છે. તેવી જ રીતે રજી.વે.દ.નં.૧૧૦૦/૨૦૦૭ થી મિ.નં.૩૫૦ વાળી મિલકત વેચાણ રાખેલ છે. **મોજે કનગામ, તા.જંબુસર, જી.ભરૂચની વસ્તી મધ્યે અ.નં.૪૪૧ બારીયા ફળીયામાં મિલકત પ્રોપર્ટી નં.૪૪૧ મિલકત પ્રોપર્ટીનું વર્ણન આર.સી.સી. ધાબુવાળુ પાકુ મકાન (ભૂંકપ સહાય) માલિક તરીકે પ્રતિવાદી નં.૧ ગોવિંદભાઈ જેઠાભાઈ ગોહિલ ભોગવટો કરનારનું નામ પોતે તથા વાર્ષિક ભાડાની કિંમત બીજી કિ.રૂા.૪૦,૦૦૦/- .** મોજે કનગામ , તા.જંબુસર,જી.ભરૂચની વસ્તી મધ્યે અ.નં.૪૪૨ બારીયા ફળીયામાં મિલકત પ્રોપર્ટી નં.૪૪૨ મિલકત પ્રોપર્ટીનું વર્ણન ગભાણ માલિક તરીકે પ્રતિવાદી નં.૧ ગોવિંદભાઈ જેઠાભાઈ ગોહિલ ભોગવટો કરનારનું નામ પોતે તથા વાર્ષિક ભાડાની કિંમત બીજી કિંમત રૂા.૧૦,૦૦૦/- છે. મોજે કનગામ, તા.જંબુસર, જી.ભરૂચના પંચાયત રેકર્ડમાં પણ તે મુજબ નોંધાયેલ છે. અને પ્રતિવાદી નં.૧ વેરો યાને મહેસુલ ભરતા આવેલા છે. પ્રતિવાદી નં.૧ નો કબજો ભોગવટો અને માલિકી આવેલી છે. આમ, વાદીના કબજામાં તથા તેમના નામે નોંધાયેલ રજી.વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં.૧ નાએ કરી આપેલો નથી અને વાદીએ પ્રતિવાદી નં.૨ પાસેથી રજી.વેચાણ દસ્તાવેજ નં.૭૪૪/૨૦૦૭ ના રોજ વેચાણ રાખેલ મિલકત ગામમાં પ્રતિવાદી નં.૧ ની આવેલ મિલકત સિવાય બીજા કોઈની માલિકીની અને કબજાની આવેલી નથી.તેમજ મિલકત નં.૪૪૧ વાળી મિલકત વાદીની માલિકી કબજા ભોગવટાની આવેલી નથી. મિલકત નં.૪૪૧ એ ખુલ્લા ગભાણ તરીકે નથી પરંતુ પાકુ અને આર.સી.સી. ધાબાવાળી છે. આ મિલકત પ્રતિવાદીએ ભૂંકપમાં મળેલ સહાયની રકમમાંથી બનાવેલી છે. વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી. વાદીને નાણાંમાં ન ભરપાઈ થાય તેવુ કોઈ નુકસાન થનાર નથી. પ્રતિવાદી નં.૧ નો પ્રથમ દર્શનીય કેસ છે બેલેન્સ ઓફ કન્વીન્યનસ પ્રતિવાદી નં.૧ ના લાભમાં છે. વાદીઓ ખોટો દાવો કરેલો છે. પ્રતિવાદી નં.૧ ને ખોટા અને મોટા ખર્ચમાં ઉતારેલા છે. વાદીએ દાવા અરજીમાં જે દાદ માંગેલ છે તેવી જ અરજ આંક ૫ ની અરજીમાં

માંગેલી છે જેથી પણ આખરી હુકમનામા સ્વરૂપની વચગાળાની અરજ મંજુર કરી ન શકાય. પ્રતિવાદી નં.૨ પાસેથી વાદીએ અ.નં.૪૪૧ તથા મિ.નં.૪૪૧ વાળી મિલકત કે જે પ્રતિવાદી નં.૧ ની માલિકી કબજા ભોગવટાની અને આર.સી.સી. બાંધકામવાળી હોવા છતાં જો ખુલ્લા ગભાણનો હોવાનું જણાવી કરાવેલ હોય તો તે પ્રતિવાદી નં.૧ ને બંધનકર્તા નથી અને વાદીના કબજામાં રહેલ રજી.વેચાણ દસ્તાવેજ મિ.નં.૩૫૬ વાળી મિલકત કે પ્રતિવાદી નં.૨ નાએ તેના મુળ માલિક પાસેથી રજી.વેચાણ દસ્તાવેજી વેચાણ રાખેલ છે. **આમ, વાદીના કહેવાતા રજી.વેચાણ દસ્તાવેજમાં મિલકત નં.૩૫૬ ને બદલે ૪૪૧ લખાયેલ હોવા માત્રથી વાદી પ્રતિવાદી નં.૧ ની મિલકતના માલિક કે કબજેદાર બનતા નથી. વાદીએ પ્રતિવાદી નં.૨ પાસેથી સુધારાનો દસ્તાવેજ કરાવવો જોઈએ જે કરાવેલ નથી.** પ્રતિવાદી નં.૧ નો લેખિત જવાબ ધ્યાને લઈ, વાદીનો દાવો ખર્ચ સહિત નામંજુર કરવા અરજ કરેલ છે.

જયારે પ્રતિવાદી નં.૨ તર્ફે આંક–૨૧ થી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો સંયુકત લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને ખરી હકીકતે જણાવેલ છે કે,પ્રતિવાદી નં.૨ નાએ વાદીને સને–૨૦૧૩ ની સાલમાં દાવા અરજીમાં જણાવેલ મિલકતનો રજી.દસ્તાવેજ કરી આપેલ. વાદીએ દસ્તાવેજમાં સ્થળ સ્થિતિનો નકશો પણ મુકાવેલ છે અને ક્ષેત્રફળ બાબતે આ હકીકત જે તે સમયે લેવી જોઈતી હતી. દસ્તાવેજમાં જણાવેલ ક્ષેત્રફળ બાબતે વાદીએ જે તે સમયે દસ્તાવેજ કરતાં સમયે માપણી કરાવેલ લીધેલ હતુ. જેથી હવે વાદીની તકરાર ચાલી શકે તમે નથી અને **પ્રતિવાદી નં.૨ નાએ અગાઉના મુળ માલિક પાસેથી દસ્તાવેજથી વેચાણ લીધેલ અને જેના આધારે તેઓએ વાદીને દસ્તાવેજ કરી આપેલ જે હકીકત સાચી છે. હવે તેઓ પ્રતિવાદી નં.૨ ને આ મિલકત સાથે કોઈ લેવા નથી. જે જાહેર થાય.** ઉપર હકીકત ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે વાદી તરફે ની.૩/૧ થી ની.૩/૩ સુધીના દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે.

(૪) આ કામે પ્રતિવાદી નં.૧ તરફે ની.૧૨/૧ થી ની.૧૨/૨ સુધીના દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે. આ કામે પ્રતિવાદી નં.૨ તર્ફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

(૫) આ કામે વાદી તથા પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે.

(૬) આ અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

// મુદ્દા//

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?

(૩) જો મનાઈહુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું અનિવાર્ય નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારાં જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમા

(૨) નકારમા

(૩) નકારમા

(૪) આખરી હુકમ મુજબ

:કારણો:

<u>મુદ્દા નં.૧ થી ૩ ની સંયુકત ચર્ચા ::–</u>

(૮) આ કામે હાલની અરજી કામચલાઉ મનાઈ હુકમની અરજી છે ત્યારે તે અરજીનો નિર્ણય કરતી વખતે કોર્ટે, કામચલાઉ મનાઈ હુકમની દાદ અંગેનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત ધ્યાને લેવાનો રહે છે કે, કામચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યક્તિએ કોર્ટ રૂબરૂ ચોખ્ખા હાથે આવવું જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ વાદીએ રેકર્ડ પરથી સિદ્ધ કરવાનું રહે છે કે, તેમનો પ્રથમ દર્શનીય કેસ છે. પરંતુ, પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સિદ્ધ કરવાથી વાદી આપો આપ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ, વાદીએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સિદ્ધ કરવાની રહે છે કે સગવડતાની તુલા વાદીની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામાપક્ષ કરતાં વાદીને વધુ આર્થિક નુકસાન થાય તેમ છે. આ ઉપરાંત કોર્ટે પક્ષકારોની વર્તણૂક તથા ડીલે અને લેચીસની હકીકતો પણ ધ્યાને લેવાની રહે છે. વધુમાં, કોર્ટે કામ ચલાઉ મનાઇ હુકમની અરજી નકકી કરતી વખતે એ હકીકત પણ ધ્યાને લેવાની રહે છે કે, કામ ચલાઉ મનાઇ હુકમ ની દાદનો મુખ્ય ઉદેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો છે

એટલે કામ ચલાઉ મનાઇ હુકમની દાદના તબકકે આપવામાં આવતી દાદ , દાવાની આખરી દાદના સ્વરૂપની ન હોવી જોઇએ , કારણ કે, આખરી દાદ દાવાના અંતે આપી શકાય , અથવા ન પણ આપી શકાય. આમ , જયારે પક્ષકારો પોત પોતાના હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપિત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઇ જતો હોય, તેવી દાદ પણ આપી શકાય નહી. વધુમાં, મનાઇ હુકમની અરજી નકકી કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે, દાવાના કોઇપણ પક્ષકારને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબજ ગંભીર બાબત છે અને મનાઇ હુકમનો કોઇ નિર્ણય કરતા પહેલા અન્ય પક્ષકારોને થનાર નુકશાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. આમ, **આ તમામ સંજોગો ધ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે, કોર્ટે તેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ , ન્યાયીક રીતે કરવાનો રહે છે.**

(૯) આમ, કામચલાઉ મનાઈ હુકમની અરજી અંગેના ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં તથા **આ દાવાનું** તથા હાલની અરજીનું **રેકર્ડ ધ્યાને લેતા, તથા ખાસ કરીને** વાદીપક્ષે તેની મનાઈ અરજીના સમર્થનમાં નિ.૩/૧ થી કનગામની વસ્તી મધ્યે આવેલા મિલકત પ્રોપર્ટી નં.૪૪૧ વાળા ગભાણનું આકારણી પત્રક રજુ રાખેલ છે. જેમાં માલિક તરીકે વિજયભાઈ દોલતભાઈ મકવાણાનું નામ લખેલ છે. જે સને–૨૦૧૨–૧૩ નું છે. ત્યારબાદ નિ.૩/૨ થી વાદીએ પ્રતિવાદી નં.૨ પાસેથી સદર દાવાવાળી મિલકત વેચાણ રાખેલ તેનો વેચાણ દસ્તાવેજ નં.૭૩૩/૨૦૧૩, તા.૭/૩/૨૦૧૩ નો રજુ રાખેલ છે.

ત્યારબાદ નિ.૩/૩ થી સને–૨૦૧૫–૧૬ ની વેરાની પહોંચ રજુ રાખેલ છે. જેમાં વિજયભાઈ દોલતભાઈ મકવાણાનુ નામ તથા ઘર નં.૪૪૧ લખેલ છે. જે તમામ દસ્તાવેજો પરથી દાવાવાળી મિલકત વાદીની માલિકીનું આવેલ હોવાનું પ્રથમ દર્શનીય ફલિત થાય છે. સદર મિલકત પ્રતિવાદી નં.૨ નાએ તેઓને વેચાણ આપેલ હોવાનું પ્ર તિવાદી નં.૨ નાએ આંક–૨૧ થી રજુ રાખેલ તેના જવાબ પરથી ફલિત થાય છે.

વધુમાં આ કામે પ્રતિવાદી નં.૧ નાએ આંક–૧૬ ના જવાબમાં એવી હકીકત જણાવે છે કે, મોજે કનગામની વસ્તી મધ્યે આવેલ મિલકત નં.૪૪૧ વાળુ ગભાણના પ્રતિવાદી નં.૧ માલિક કબજેદાર છે. આ ગભાણ તેઓએ તા.૨૧/૧૧/૨૦૦૭ માં વેચાણ દસ્તાવેજ નં.૧૦૯૯/૨૦૦૭ ના રોજ મુળ માલિક અને કબજેદાર શ્રી ભીમાભાઈ ભીખાભાઈ પાસેથી વેચાણ રાખેલું. આ સંદર્ભે પ્રતિવાદી નં.૧ નાએ નિ ૩/૧ થી સને ૨૦૧૫–૧૬ થી ૨૦૧૮–૧૯નો આકારણી પત્રક રજુ રાખેલ છે. જેમા અ.નં ૪૪૧, મિલકતપ્રોપર્ટી નં ૪૪૧, સ્ટ્રીટનુ નામ બારીયાફળીયુ, મિલકતના વર્ણનમા આર.સી.સી. ધાબાવાળુ પાકુ મકાન તથા માલીકના નામમા ગોવિંદભાઈ જેઠાભાઈ ગોહીલનુ નામ લખેલ છે. તેમજ નિ ૧૨/૨ થી વેરા પહોંચ રજુ રાખેલ છે. જેમા ઘર નં ૪૪૧, ૪૪૨ તથા નામમા ગોવિંદભાઈ જેઠાભાઈ ગોહિલનુ નામ લખેલ છે. જેના પરથી મિલકતના માલીક પ્રથમ દર્શનીય ગોવિંદભાઈ જેઠાભાઈ ગોહિલ પ્રતિવાદી નં ૧ હોવાનુ ફલીત થાય છે.

આમ, ઉપરોકત ચર્ચાના અંતે વાદી પ્રતિવાદીની રજુઆતો તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવામા વાદી અને પ્રતિવાદીનુ નામ ચાલતુ હોય ત્યારે તે દસ્તાવેજો પુરાવાનો વિષય બની રહે તેમ છે. વધુમાં સદર કામે વાદીએ તેની મનાઈઅરજીમાં જે દાદ માંગેલ છે તે દાવા અરજીની દાદ છે. જેથી વાદીની આંક–૫ ની મનાઈ અરજીની દાદ મંજુર કરવામાં આવે તો વચગાળાની અરજીમાં દાવો મંજુર થઈ જાય તેમ છે. તેમજ

વચગાળાની અરજીમાં દાવાના આખરી સ્વરૂપની દાદ આપી શકાય નહી. આથી વધુ ચર્ચા ન કરતા ઉપરોકત વીગતે મુદા નં.૧ થી ૩ના મારા નીર્ણયો નકારમાં ઠરાવુ છું.

(૧૩) મુદા નં.૪ ની ચર્ચા:–

(૧૩.૧). આ કામે ઉપરોકત વિગતે મુદા નં.૧ થી ૩ ના પરીણામ સ્વરુપ, આ મુદા અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવા પ્રેરાવ છું.

–: આ ખ રી હુ ક મ :–

(૧). વાદીની આંક–પની આ અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨). અરજી ખર્ચ દાવાના છેવટના પરીણામને અનુસરશે.

હુકમ આજ તારીખ ૨૩ મી , માહે– જુન, સને–૨૦૨૩ ના રોજ વાંચી, સંભળાવી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : જંબુસર
તારીખ :૨૩/૦૬/૨૦૨૩

(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)
એડીશનલ સિવીલ જજ
જંબુસર
કોડ નં. જી.જે.૦૧૪૦૮